J-COVID-19-144-2020.C

सत्यमेव जयते

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

સેવા સદન-૧, સિવિલ લાઇન્સ રોડ,
ગોધરા, જિ. પંચમહાલ (૩૮૯૦૦૧)
ફોન: ૦૨૬૭૨- ૨૪૨૯૪૦, ૨૪૨૮૦૦ | ફેક્સ: ૦૨૬૭૨-૨૪૨૮૯૯
ઈ-મેઈલ: collector-pan@gujarat.gov.in

## સી.આર.પી.સી. કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪) હેઠળનું જાહેરનામુ

**નં.એમએજી/કોરોના/જાહેરનામુ/૫૫૧/૨૦૨૦,** **તા.૨૩/૦૩/૨૦૨૦**

**વંચાણે લીધા:-** (૧) અત્રેના જાહેરનામા નં.એમએજી/વશી/૫૩૯/૨૦૨૦,તા.૨૦/૦૩/૨૦૨૦

(૨) ઉપસચિવશ્રી,(કા.વ્ય.૧),ગૃહ વિભાગ,ગુજરાત સરકાર,ગાંધીનગરના તા.૨૨/૦૩/૨૦૨૦નો ઈ-મેઈલ

**જાહેરનામુ:-**

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે.રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૦ના જાહેરનામાથી The Gujarat Epidemic Diseases COVID-19 Regulation-2020 જાહેર કરેલ છે. સદરહુ નોટીફીકેશનની જોગવાઈ અનુસાર કેટલાંક પગલાઓ લેવા જરૂરી જણાય છે.જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ COVID-19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ આમુખ-(૧)માં વંચાણે લીધેલ તા.૨૦/૦૩/૨૦૨૦ના જાહેરનામાથી નિયંત્રણો મૂકેલ છે,તે ઉપરાંત વિશેષ નિયંત્રણો મૂકવા સરકારશ્રી તરફથી આમુખ-(૨)થી સુચના થતા કોરોના વાયરસ રોગ COVID-19 ને ફેલાતો અટકાવા સારૂ નીચે મુજબની જણાવેલ વિગતે પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, અમિત અરોરા,(આઈ.એ.એસ),જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને.૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળ મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર અનઅધિકૃત / ગેરકાયદેસર રીતે ચાર કે ચારથી વધુ વ્યક્તિઓએ એક સાથે કોઈપણ જગ્યાએ એકઠા થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) સમગ્ર પંચમહાલ જિલ્લામાં જાહેર સ્થળોએ સક્ષમ સતાધિકારીની પૂર્વ લેખીત પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા, સરઘસ, સંમેલન કે મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકો એકત્રીત થાય તેવા કોઈ આયોજન કરવા નહી કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહી.

(૩) મોલ,મલ્ટીપ્લેક્ષ, સિનેમાગૃહો, વિડીયોગૃહો અને નાટયગૃહો,જીમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સ્વીમીગ પુલ, ડાન્સ કલાસીસ, ગેઈમ ઝોન, કલબ હાઉસ,એમ્યુઝમેન્ટ પાર્ક, પાર્ટી પ્લોટ,મેરેજ હોલ, લગ્નની વાડીઓ,હાટ બજાર અથવા જયાં મોટી સંખ્યામાં લોકોની અવર- જવર થતી હોય તેવા તમામ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા.

District Magistrate જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરા Panchmahal Godhra

(૪) રાજય સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવી હોય તે સિવાયની તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ, ટયુશન કલાસ વગેરે સ્થળોએ તમામ શૈક્ષણિક કાર્ય બંધ રાખવા.

(૫) જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણિક કામગીરી સાથે સંકળાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્ટેલો તાત્કાલીક અસરથી બંધ કરવાની રહેશે.

(૬) જાહેર બાગ-બગીચાઓ તેમજ તમામ ધાર્મિક મેળાવડાઓ બંધ રાખવાના રહેશે.

...૨/-

Scanned with CamScanner

(૭) પાન માવાના ગલ્લાઓ,ગુટખા,સિગારેટ,બીડીની દુકાનો તથા આ પ્રકારની ચીજ વસ્તુઓના વેચાણ કરતી દુકાનો કે જયાં મોટી સંખ્યામાં લોકોની અવર–જવર રહેતી હોઈ તેવી તમામ દુકાનો બંધ રાખવાની રહેશે.

(૮) તમામ હોટલો,રેસ્ટોરન્ટ,ખાણીપીણીના સ્થળો,મીઠાઈ ફરસાણની દુકાન, ભોજનાલય વિગેરેના સંચાલકોએ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી હાઈજીનની વ્યવસ્થા કરી,પુરતી તકેદારી રાખી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) કોઈપણ વ્યકિત/સંસ્થા/કોરોના વાઈરસ અંગેની કોઈપણ પ્રકારની અફવા પ્રિન્ટ કે સોશિયલ મીડીયા મારફતે ફેલાવશે તો તે ગુન્હો ગણાશે અને તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૦) જો કોઈ મુસાફર જાહેર થયેલ કોરોના વાઈરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તેમણે નજીકની સરકારી હોસ્પીટલ ખાતે, જિલ્લા કંટ્રોલ રૂમ ફોન નં.૦૨૬૭૨–૨૫૦૬૬૮ અથવા હેલ્પ લાઈન નં.૧૦૪ ઉપર ફરજીયાત જાણ કરી તમામ પ્રકારની જાણકારી આપવાની રહેશે. તેમજ વહીવટી તંત્રની સુચના અનુસાર Home Quarantine/Isolation પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જો તેમ કરવામા નહી આવે તો તેઓને ફરજીયાતપણે પંચમહાલ જિલ્લાના Quarantine વોર્ડમાં ખસેડી Epidemic Act-1897 ની જોગવાઈ મુજબ દંડનીય અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૧) કોઈ પણ વ્યકિત જાહેર રસ્તાઓ,જાહેર સ્થળો ઉપર થૂંકીને કે અન્ય રીતે ગંદકી કરશે અથવા ગંદકી ફેલાવશે તો તેમની સામે નિયમોનુસાર દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧૨) પંચમહાલ જિલ્લામાં આવેલ કતલખાના તાત્કાલીક અસરથી બંધ કરવા તેમજ પશુઓની કતલ તેમજ માંસ વગેરેનું ખરીદ–વેચાણ તાત્કાલીક અસરથી બંધ કરવાનું રહેશે.

**–: વિસ્તાર :–**

આ જાહેરનામું સમગ્ર પંચમહાલ જિલ્લા હદ વિસ્તારમાં લાગુ પડશે.

**–: અમલવારીનો સમય :–**

આ હુકમની અમલવારી તા.૨૩/૦૩/૨૦૨૦થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી(બન્ને દિવસો સહિત) કરવાનો રહેશે.

**–:: અપવાદ ::–**

(એ) સરકારશ્રી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થા તરફથી જાહેર હિતમાં કરવામાં આવતા કોઈપણ કાર્યક્રમો.

(બી) સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી કે અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

**–:: શિક્ષા ::–**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

...૩/–

Scanned with CamScanner

પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી એ.એસ.આઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કલમ–૧૮૮ મુજબ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૫ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે

આ હુકમની બજવણી કરવી વ્યકિતગત રીતે શકય ન હોય એકતરફી હુકમ કરવામાં આવે છે.તથા આ હુકમની જાહેરાત વર્તમાન પત્રોમાં,અખબારી યાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવીઝન,કેબલ ટીવી નેટવર્ક તથા લોકો એકત્રીત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોટાડીને તથા રાજય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તારીખ:.૨૩–માર્ચ–૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

District Magistrate Panchmahal Godhra / જિલ્લા મેજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા

(અમિત અરોરા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

પ્રતિ,

(૧) પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરા તરફ અમલ કરવા સારૂ.

(૨) મેનેજરશ્રી,સરકારી છાપકામ ખાતુ,વડોદરા તરફ રાજય ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

(૩) નાયબ માહિતી નિયામકશ્રી પંચમહાલ ગોધરા તરફ બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

<u>નકલ રવાના:–</u>

(૧) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,ગોધરા/શહેરા/હાલોલ
(૨) વિભાગીય પોલીસ અધિકારીશ્રી ,ગોધરા/હાલોલ
(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,પંચમહાલ ગોધરા
(૪) સિવિલ સર્જનશ્રી,સિવિલ હોસ્પિટલ,ગોધરા
(૫) મામ.અને એકઝી.મેજિસ્ટ્રેટશ્રી,ગોધરા(શહેર/ગ્રામ્ય)/ કાલોલ/હાલોલ/ઘોઘંબા/ જાંબુઘોડા/ શહેરા/મોરવા(હ)
(૬) ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા ગોધરા/કાલોલ/હાલોલ/શહેરા
(૭) જિલ્લા સરકારી વકીલશ્રી,પંચમહાલ ગોધરા
(૮) રજીસ્ટારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ,પંચમહાલ ગોધરા
(૯) પ્રોગ્રામ હેડશ્રી,આકાશવાણી,ગોધરા

<u>નકલ જયભારત સહ રવાના:</u>–જિલ્લા વિકાસ અધિકારીશ્રી,પંચમહાલ ગોધરા તરફ.

<u>નકલ સવિનય રવાના:–</u>

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર.
૪. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરિક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૫. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.

Scanned with CamScanner